# વાવોલ ગામ તસ્કરો માટે હોટ ફેવરીટ...!

## સતત બીજી રાત્રે પણ ટોળકી ત્રાટકી : તત્વ બંગ્લોઝનું સેમ્પલ હાઉસ નિશાન બન્યું : પોલીસ પોઈન્ટ મુકવા અને પેટ્રોલીંગ વધારવા માંગ

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર શહેરને અડીને આવેલું વાવોલ ગામ તસ્કર ટોળકીઓ માટે હવે હોટ ફેવરીટ બની ગયું છે. સતત બીજી રાત્રીએ પણ તસ્કરોએ વાવોલ ગામના છેવાડાની સોસાયટીને નિશાન બનાવી છે. નવી બનેલી સોસાયટીઓ તસ્કરો માટે ફેવરેબલ સાબિત થઈ છે કેમ કે ત્યાં પોલીસ પોઈન્ટ નથી કે પોલીસ રાત્રે આંટો મારવાનું પણ ટાળે છે તે ઉપરાંત સોસાયટીની દીવાલ કુદે એટલે ખેતરો આવી જાય છે. જયાંથી અંધારામાં આ ટોળકીઓ સરળતાથી ગાયબ થઈ શકે છે. ગઈ રાત્રે તસ્કરોએ તત્વ બંગ્લોઝમાં પગ પેસારો કર્યો હતો. આ વિસ્તારમાં હવે પોલીસ પોઈન્ટ મુકવા તથા રાત્રી દરમિયાન સઘન પેટ્રોલીંગ રાખવા માંગ ઉઠવા પામી છે.

ઉત્તરાયણની રાત્રે તસ્કર ટોળકીએ વાવોલની શાલીન-૪ સોસાયટીમાં બે મકાનોના તાળા તોડયા હતાં. જો કે નકલી દાગીના સિવાય આ સોસાયટીમાંથી કાંઈ ન મળતા તસ્કર ટોળકીને મહેનત માથે પડી હતી. આ બંને ઘરફોડ અંગે પોલીસે આવીને તપાસ પણ કરી પરંતુ આ સ્થળે નાઈટ પેટ્રોલીંગ સઘન કરવા કે પોલીસ પોઈન્ટ મુકવા નિર્ણય ન લેવાયો. આ બાબતનો લાભ લઈને તસ્કરોએ સતત બીજી રાત્રે આ સોસાયટીની સામે સ્થિત તત્વ બંગ્લોઝને ટાર્ગેટ બનાવ્યું હતું. રાત્રે ત્રાટકેલા પાંચ થી છ શખ્સોએ તત્વ બંગ્લોઝના સેમ્પલ હાઉસના દરવાજાને કોસ વડે ફટકા મારી ઈન્ટરલોક તોડવા પ્રયત્ન કર્યો હતો. જો કે સિકયુરીટી ગાર્ડ આવી જતા આ શખ્સો ભાગી ગયા હતાં. વાવોલ ગામમાં પેધા પડેલા તસ્કરોને લીધે ગ્રામજનો તથા સોસાયટીઓના રહીશો પણ ફફડી રહ્યા છે. આ વિસ્તારમાં સઘન પેટ્રોલીંગ કરવા તથા પોલીસ પોઈન્ટ મુકવા માટે માંગ ઉઠવા પામી છે.

# વાઈબ્રન્ટ રોશની પાછળ અડધા કરોડનો ખર્ચ થયો

## વિવિધ માર્ગો, સર્કલો અને બિલ્ડીંગોને શણગારવાનું વીજ બિલ પણ તોતિંગ

ગાંધીનગર, તા.૧૬

વાઈબ્રન્ટ સમિટ-૨૦૧૫ દરમિયાન નગરને રોશનીથી શણગારવામાં આવ્યું હતું. નગરના માર્ગો વિવિધ સરકારી બિલ્ડીંગો તેમજ સ્વર્ણિમ પાર્ક સહીતના વિસ્તારને રંગબેરંગી રોશનીથી નિખારવા અડધા કરોડનો ખર્ચ કરવામાં આવ્યો હોવાનો અંદાજ છે.

વાઈબ્રન્ટ સમિટ દરમિયાન નગરને દુલ્હનની જેમ શણગારવામાં આવ્યું હતું. નગરના ચકાચક માર્ગો ઉપરાંત 'ચ' અને 'ઘ' માર્ગ આસપાસના બિલ્ડીંગોને પણ રંગબેરંગી રોશનીથી શણગારવામાં આવ્યું હતું. જેના લીધે રાત્રીનો નજારો પણ અદ્‌ભુત ભાસતો હતો. વાઈબ્રન્ટ રોશનીથી જાકમજોળ નિહાળવા અમદાવાદ સહીતના શહેરોમાંથી મુલાકીતીઓ ઉમટી પડ્યા હતા. નગરના હાર્દસમા વિસ્તારમાં નવનિર્મિત સ્વર્ણિમ પાર્ક મુખ્ય આકર્ષણનું કેન્દ્ર બન્યો હતો. આ ઉપરાંત તમામ મુખ્ય માર્ગોના સેન્ટ્રલ વર્જ સહીત સરકારી બિલ્ડીંગો ઉપર પણ રંગબેરંગી રોશની જબૂકતી જોવા મળી હતી.

રોશની નિહાળવા લાખો મુલાકાતીઓ ઉમટી પડ્યા હતા. જો કે, નગરને જગમગાવતી કલરફૂલ રોશની પાછળ લાખો રૂપિયાનો ખર્ચ થયો છે. રોશની લગાવવા ઉપરાંત તેની પાછળ લાઈટબીલનો પણ તોતિંગ ખર્ચ થયો છે. વાઈબ્રન્ટ રોશની પાછળ અંદાજિત રૂ. ૫૦ લાખનો ખર્ચ થયો હોવાનુ મનાય છે.

# રવિવારે ગાંધીનગર અર્બન બેંક કુડાસણ શાખાનો પ્રારંભ કરશે

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર અર્બન કો.ઓપ. બેંક દ્વારા કુડાસણ ખાતે તા. ૧૮મી જાન્યુઆરીથી નવી શાખાનું ઉદઘાટન કરવામાં આવનાર છે. આ ઉદઘાટન સમારંભ રવિવારે સવારે ૧૦ વાગે કોબા હાઈવે પર સનરાઈઝ આર્કેડ ખાતે યોજાશે. જેમાં વાવોલ રામધામના મહંત મધુસુદનદાસ મહારાજ અને ધોળેશ્વર મહાદેવના મહંત રામસ્વરૂપપુરી મહારાજ આર્શીવચન પાઠવવા ઉપસ્થિત રહેશે. આ પ્રસંગે બેંકના ચેરમેન ડાહ્યાભાઈ પટેલ અને બોર્ડ ઓફ ડીરેકટર્સના સભ્યો સહિત કર્મચારીઓ અને સભાસદો ઉપસ્થિત રહેશે.

# સિનિયર સિટિઝન કાઉન્સિલની મહિલા પાંખની બેઠકમાં ફેરફાર

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગરની સિનિયર સિટિઝન કાઉન્સીલની મહિલા પાંખની માસિક બેઠક તા. ૨૧મી જાન્યુઆરી બુધવારે બપોરે ૪ વાગે યોજાનાર હતી તેના બદલે આ બેઠક હવે તા. ૧૯મી જાન્યુઆરી સોમવારે બપોરે ૪ વાગે નમન એપાર્ટમેન્ટમાં યોજવામાં આવશે. અનિવાર્ય સંજોગોમાં કરવામાં આવેલ આ ફેરફારની સિનિયર સિટિઝન કાઉન્સિલના તમામ સભ્યોએ નોંધ લેવા જણાવાયું છે.



સ્વામી વિવેકાનંદ વિદ્યા મંદિર સેકટર-૧૨ ખાતે ઈન્ડિયન રેડક્રોસ ગાંધીનગર બ્રાન્ચ દ્વારા રકતદાન શિબિરનું આયોજન ૧૬ જાન્યુઆરીના રોજ કરવામાં આવ્યું હતું. જયાં ૯૧ બોટલ રકત પ્રાપ્ત થયું હતું. આ રકતદાન શિબિરના આયોજનમાં પી.કે. ચૌધરી મહિલા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ તેમજ કડી સર્વ વિદ્યાલય કોલેજના વિદ્યાર્થીઓનો પ્રશંસનીય સાથ સહકાર પ્રાપ્ત થયો હતો. (તસવીર : કશ્યપ નિમાવત)

# જીએસપીસીએ ઓક્ટોબરના વપરાશ પર નવેમ્બરથી અમલી થતો ભાવ લગાડ્યો

## તાજેતરમાં કંપની દ્વારા ઈશ્યુ કરવામાં આવેલા રાંધણગેસ બીલમાં કંપનીનો છબરડો : વધારે વસુલાયેલી રકમ આગામી બિલમાં મજરે આપવા ગ્રાહકોની માંગ

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગરમાં ગેસ પાઈપલાઈનથી રાંધણ ગેસનો પુરવઠો પુરી પાડતી કંપની જીએસપીસી દ્વારા તાજેતરના બીલોમાં ગ્રાહકો પર ઓક્ટોબર માસના વપરાયેલા યુનિટો પર નવેમ્બર માસથી અમલમાં આવેલ ભાવવધારો વસુલવામાં આવી રહ્યો છે. તાજેતરમાં કંપની દ્વારા ઈશ્યુ કરવામાં આવેલા ગેસબીલોમાં ઓક્ટોબરથી ડિસેમ્બર માસના બીલ બનાવવામાં આવ્યા છે જ્યારે તેમાં વપરાયેલા કુલ યુનિટો પર તા. ૧લી નવેમ્બરથી અમલમાં આવેલ નવો ભાવ પ્રતિયુનિટદીઠ રૂપિયા ૨૪.૮૩ વત્તા ટેક્સ દર્શાવવામાં આવ્યો છે.

જીએસપીસીની રાંધણ ગેસની પાઈપલાઈન ધરાવતા ગ્રાહકોને જાન્યુઆરી માસમાં જે બીલ મોકલવામાં આવ્યા છે તેમાં બીલીંગ પિરિયડમાં ઓક્ટોબરથી ડિસેમ્બર માસનો ઉલ્લેખ છે. જ્યારે આ બીલમા તા. ૧લી નવેમ્બરથી સ્લેબ વગર લાગુ પડતો દર રૂ. ૨૪.૮૩ પ્રતિ એસસીએમ વત્તા ટેક્સ સ્પષ્ટપણે દર્શાવાયેલો છે. આમ પાઈપલાઈન ધારકોને ઓક્ટોબર માસના વપરાશ પર પણ નવેમ્બર માસથી અમલમાં આવેલ નવા ભાવનો બોજો લાદી દેવામાં આવ્યો છે. કંપની દ્વારા આ ક્ષતિને સુધારી ગ્રાહકો પાસેથી વસુલાયેલા આ ભાવવધારાના તફાવતની વસુલાયેલ રકમને આગામી બીલમાં જમા આપવામાં આવે તેવી ગ્રાહકોમાં પ્રબળ માંગ ઉઠવા પામી છે.



શહેરની 'યુથ વય' નામક સંસ્થાના યુવાઓ દ્વારા સ્વામી વિવેકાનંદજીની જન્મજયંતિ પ્રસંગે ૧૨ જાન્યુઆરીના રોજ સેકટર-૧૬ અંધશાળા ખાતે પ્રજ્ઞાચક્ષુ બાળકો સાથે સમય વિતાવ્યો હતો. જયાં આ બાળકોએ ગીતોની રજુઆત કરી હાજર સૌની પ્રશંસા પ્રાપ્ત કરી હતી. (તસવીર : કશ્યપ નિમાવત)

# માર્ગ સલામતી સપ્તાહ અંતર્ગત પોલીસે ૩૫૦૦ ટ્રાફીક અવેરનેસ પત્રિકાઓ વહેંચી

## શહેર વસાહત મહામંડળના સહયોથી કડી સ્કુલમાં અવેરનેસ કેમ્પ યોજાયો

ગાંધીનગર, તા.૧૬

રાજયભરમાં ટ્રાફીક અવેરનેસ માટે માર્ગ સલામતી સહયોગથી કડી સ્કુલમાં ટ્રાફીક અવેરનેસ કેમ્પનું પણ આયોજન કરાયું હતું. ૩૫૦૦ પત્રીકાઓ વહેંચવામાં આવી હતી. તે ઉપરાંત શહેર વસાહત મહામંડળના



સપ્તાહ ચાલી રહ્યું છે ત્યારે ગાંધીનગર ટ્રાફીક પોલીસ દ્વારા સપ્તાહના ભાગરૂપે વાહનચાલકોમાં ટ્રાફીક અવેરનેસ લાવવા માટે ચ-૦ સર્કલે ઉભા રહી ૩૫૦૦ પત્રીકાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. તે ઉપરાંત શહેર વસાહત મહામંડળના

શહેરનાં ચ-૦ સર્કલ પાસે ઉભા રહીને ટ્રાફીક પી.આઈ. વાય.આર. ગામીત તથા તેમની ટીમ દ્વારા આવતા જતા તમામ વાહન ચાલકોને ઉભા રાખી ટ્રાફીકના નિયમોનું પાલન કરવા સલાહ આપવામાં આવી હતી તે ઉપરાંત ટ્રાફીક અવેરનેસ પત્રીકાઓનું પણ વિતરણ કરી સહયોગથી ગાંધીનગર પોલીસે સે-૨૩ કડી સ્કુલ ખાતે કેમ્પનું આયોજન કર્યુ હતું. એએસપી કરણરાજ વાઘેલાએ ૪૫૦થી વધુ વિદ્યાર્થીઓને ટ્રાફીક અવેરનેસ અનુસંધાને પુરતી માહિતી આપી ટ્રાફીકના નિયમોનું પાલન કરવા સલાહ-સમજણ આપી હતી.

# માર્ગ-મકાન વિભાગના સચિવે કર્મચારીઓની પીઠ થાબડી બિરદાવ્યા

## વાઈબ્રન્ટ દરમિયાન કર્મચારી-અધિકારીઓનું અદભૂત ટીમ વર્ક : ઉચ્ચ અધિકારીઓએ સંગઠીત કામગીરીને બિરદાવી

ગાંધીનગર, તા.૧૬

વાઈબ્રન્ટ સમિટ ૨૦૧૫ દરમિયાન નગરને સ્વચ્છ, સુંદર અને રળિયામણું બનાવવાની કાર્યયોજનામાં ઉમદા ફરજ અદા કરનારા અધિકારી-કર્મચારીઓની માર્ગ-મકાન વિભાગના સચિવે પીઠ થાબડી હતી. ગઈ કાલે સાંજે સરકીટ હાઉસમાં યોજાયેલા વિશેષ ભોજન સમારંભ દરમિયાન વિભાગના ઉચ્ચ અફસરોએ કર્મચારીઓની ફરજ નિષ્ઠાને બિરદાવી હતી.

વાઈબ્રન્ટ સમિટ ૨૦૧૫ને અનુલક્ષી નગરને નવારૂપરંગ આપવા સમગ્ર તંત્ર છેલ્લા દોઢ મહિનાથી કામે લાગ્યું હતું. નગરને ગંદકી અને દબાણમુકત કરવા ઉપરાંત દુલ્હનની જેમ શણગારવા માટે તંત્રના અધિકારીઓ અને વિવિધ વિભાગોના કર્મચારીઓએ રાત-દિવસ મહેનત કરી ઉમદા ફરનિષ્ઠા અદા કરી હતી. કર્મચારીઓની આ ફરજ નિષ્ઠાને બિરદાવવા ગુરુવારે સાંજે સરકીટ હાઉસ ખાતે ભોજન સમારંભ યોજવામાં આવ્યો હતો. આ દરમિયાન માર્ગ મકાન વિભાગના સચિવ શ્રી જૈન પાટનગર યોજના વિભાગના મુખ્ય ઈજનેર એન.કે. પટેલ ઉપરાંત પાટનગર યોજના વર્તુળ, પંચાયત, નેશનલ હાઈવે, વિદ્યુત વિભાગ, યાંત્રિક, આલેખન અને બાગાયત તંત્રના અધિકારીઓથી લઈ વર્ક આસિસ્ટન્ટ સુધીના ૨૦૦ જેટલા કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ દરમિયાન માર્ગ મકાન વિભાગના સચિવે વાઈબ્રન્ટની કામગીરીમાં સંકળાયેલા તમામ કર્મચારી-અધિકારીઓની પીઠ થાબડી તેમની ફરજ નિષ્ઠાને બિરદાવી હતી. વિભાગના સચિવ અને પાટનગર યોજનાના મુખ્ય ઈજનેરે આ તમામ અધિકારીઓ અને કર્મચારીઓને સંગઠીત થઈ અદભૂત ટીમ વર્ક દાખવવા બદલ બિરદાવ્યા હતા.



ઈન્ડિયન રેડક્રોસ ગાંધીનગર બ્રાન્ચ દ્વારા સેકટર-૧૩ કોસ્ટ ગાર્ડ કાર્યાલય ખાતે એક રકતદાન શિબિર યોજાઈ હતી. જેમાં કોસ્ટ ગાર્ડના અધિકારીઓ તેમજ બીએસએફ અને અરફોર્સના જવાનોએ રકતદાન કર્યું હતું. આ રકતદાન શિબિરમાં ૫૧ બોટલ રકત એકત્ર થયું હતું. (તસવીર : કશ્યપ નિમાવત)

# આજે ગાંધીનગરમાં

### આજનો દિવસ

સૂર્યોદય : ૭.૨૪

સૂર્યાસ્ત : ૬.૧૭

### તાપમાન

મહત્તમ : ૨૬.૫ ડિ.સે.

લઘુત્તમ : ૧૨.૨ ડિ.સે.

### ભેજનું પ્રમાણ

સવારે ૭૮ ટકા ● સાંજે ૩૫ ટકા

### મનોરંજન

**મૂવી પ્લેક્સ, કલોલ**

**: સ્ક્રીન-૧ :**

આઈ : ૧૦.૦૦, ૪.૦૦, ૧૦.૦૦

અલોન : ૧.૩૦, ૭.૩૦

**સ્ક્રીન-૨ :**

અલોન : ૧૦.૧૫, ૧૦.૧૫

આઈ : ૧૨.૩૦, ૭.૧૫

તેવર : ૪.૧૫

**સ્ક્રીન-૩ :**

શરાફત ગઈ તેલ લેને : ૧૧.૦૦, ૪.૩૦, ૯.૩૦

તેવર : ૧.૦૦, ૬.૩૦

**સિટીપલ્સ**

**: સ્ક્રીન-૧ :**

આઈ (હિન્દી) : ૩.૦૦, ૬.૩૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૨ :**

આઈ (હિન્દી) : ૧૨.૩૦

અલોન : ૪.૦૦, ૭.૦૦, ૧૦.૧૫

**સ્ક્રીન-૩ :**

અલોન : ૧.૧૫

શરાફત ગઈ તેલ લેને : ૩.૪૫, ૭.૧૫

ટેકન (ઈંગ્લીશ) : ૯.૩૦

**સ્ક્રીન-૪ :**

આઈ : ૧૦.૦૦

ક્રેઝી કુક્કડ ફેમિલી : ૧.૩૦

તેવર : ૭.૦૦

શરાફત ગઈ તેલ લેને : ૧૦.૧૫

**સ્ક્રીન-૫ :**

અલોન : ૧૦.૦૦

ક્રેઝી કુક્કડ ફેમિલી : ૭.૩૦

પી.કે. : ૪.૧૫

શરાફત ગઈ તેલ લેને : ૧૨.૩૦

તેવર : ૧૦.૦૦

### આપની આજ

**મેષ** : એન્જિનિયર, ટેકનોલોજી કર્મીઓ માટે ઉપલબ્ધિ ભાગ્યવર્ધક કાર્યો માટે યાત્રાના યોગ. નકામા તનાવથી દૂર રહેવું. સામાજિક સમસ્યાનો ઉકેલ પ્રાપ્ત થઈ શકશે.

**વૃષભ** : ભાગ્યવર્ધક રાજકીયક્ષેત્રે પદ પ્રતિષ્ઠા પ્રાપ્ત થઈ શકે છે. ખાનપાનમાં કાળજી રાખવી. પદોન્નતિ, ભૂમિ સંબંધી લાભ પ્રાપ્તિ થવાની વિશેષ સંભાવના. રાજય તરફથી વિશેષ લાભ.

**મિથુન** : યોગ્ય દિશામાં પ્રયત્ન કરવાથી અટવાયેલા નાળા પરત મળી શકશે. વરિષ્ઠ વ્યક્તિઓ તથા નીતિગત સમસ્યાઓ પર સમય અને ધન ખર્ચ થશે.

**કર્ક** : આત્મવિશ્વાસમાં વધારો થશે. પદ-પ્રતિષ્ઠા સંબંધી વિવાદિત કાર્યોનો ઉકેલ લાવવા માટે યાત્રા-પ્રવાસ થઈ શકશે. ધર્મ, આધ્યાત્મ, ગહન શોધ સંબંધઈ શોધપૂર્ણ કાર્યોનો વિશેષ કાર્ય થશે.

**સિંહ** : મિલકત સંબંધી કાર્યોમાં સક્રિયતા વધશે. વ્યાપારિક ભાગીદારીઓમાં વિશેષ વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. ધાર્મિક સમસ્યાઓ પર વિચાર- વિર્મશ થઈ શકે છે.

**કન્યા** : કર્મક્ષેત્ર સંબંધી સમસ્યાઓના નિરાકરણ હેતુ યાત્રા અને ભાગદોડ નો યોગ. કૌટુંબિક વિવાદા ઉભા ન થાય તેની કાળજી રાખવી. કોર્ટ- કચેરીના મુદ્દે સાવચેતી રાખવી.

**તુલા** : ધાર્મિક કાર્યોમાં આપના કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક પરિણામ પ્રાપ્ત થશે. રાજકીય અને સામાજિક ક્ષેત્રમાં પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થશે. આર્થિક સ્ત્રોમાં વૃદ્ધિના કાર્યો થઈ શકશે.

**વૃશ્ચિક** : રોજગારીના નવા રસ્તાઓ પ્રાપ્ત થશે. વ્યાપાર-વ્યવસાયિકક્ષેત્રમાં લાભ પ્રાપ્ત થવાની શકયતા છે. મંગળ પ્રસંગોમાં સમય પસાર થશે. સંચિત ધન વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. કર્મક્ષેત્ર દ્વારા નોકરીમાં ઉચ્ચસ્તરીય કાર્ય થઈ શકશે.

**ધન** : વેપારી સંબંધી કાર્યો માટે યાત્રાથી ભાગ્યોદય. આર્થિક કારણોથી, સામાજિક કાર્યોથી અવરોધની સંભાવનાઓ રહેલી છે. સુખ, સુવિધા, ભવન, વાહન સંબંધી કાર્યોમાં અધિનસ્થ કર્મચારીઓથી વિવાદ કરવો નહીં.

**મકર** : આપને વિશેષ ભાગ્યવર્ધક કાર્યો થઈ શકશે. નવા વ્યાપારમાં રોકાણ વિચારીને કરવું. કર્મક્ષેત્રમાં વિશેષ ભાગ્યવર્ધક યાત્રા, નવા કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. કલાત્મક ક્ષેત્રમાં વિશેષ યોગ બની રહ્યો છે.

**કુંભ** : સાહિત્ય જગતના લોકો માટે ઉપલબ્ધિ કારક સમય. ધર્મ આધ્યાત્મ, કૌટુંબિક, માંગલિક કાર્યોમાં નાણાં ખર્ચ થવાની શકયતાઓ છે. ગૂઢ, ધાર્મિક, કુટુંબમાં માંગલિક, આધ્યાત્મિક કાર્યો થઈ શકશે. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે.

**મીન** : આપના દ્વારા વિવાદિત લંબિત પ્રકરણોને ઉકેલવા માટે કરેલી વિશેષ યાત્રા લાભ અપાવશે. વ્યાપાર -વ્યવસાયિક યાત્રાઓથી લાભ પ્રાપ્તિ થવાનો વિશેષ યોગ બની રહ્યો છે. મિત્રોનો સાથ સહકાર મળી રહેશે. કુટુંબ સંબંધી વિવાદ માનસિક કષ્ટનું કારણ બનશે.

### ચિરવિદાય

- સ્વ. વિરમજી ગાભાજી ઠાકોર (ઉ.વ.૬૫) મુ. શિહોલી મોટી, તા.જી. ગાંધીનગર
- સ્વ. કમુબેન બબાભાઈ પટેલ (ઉ.વ.૮૫) પ્લોટ નં. ૬૫/૧, સેક્ટર-૨૬, કિસાનનગર, ગાંધીનગર
- સ્વ. સરોજબેન છોટાભાઈ પટેલ (ઉ.વ.૯૧) વી-૨, સીમન્ધર સીટી, અડાલજ, ગાંધીનગર
- સ્વ. રામચરણ સીતલાપ્રસાદ જયસ્વાલ (ઉ.વ.૨૦) મુ. ઈન્દ્રોડા, તા.જી ગાંધીનગર